بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.25-08-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું: આપણે આજે અહિંયા જલસામાં સામેલ થવા માટે એકત્ર થયા છીએ. જેવું કે પ્રત્યેક અહેમદી જાણે છે કે આપણે અહિયા જલસા માટે એકત્ર થવું કોઈ દુન્યવી હેતુ માટે નથી બલ્કે એટલા માટે છે કે અહિંયાના પ્રોગ્રામોમાં સામેલ થઈ એક રૂહાની માહોલમાં રહી પોતાની રૂહાનીયતની ઉન્નતિ કરે, પોતાનું જ્ઞાન વધારે, પોતાની માન્યતા સ્થિતિ સુધારે, અલ્લાહ તઆલાનો તકવા ધારણ કરે અને અલ્લાહ તથા તેના બંદાઓના અધિકારો અદા કરે. આમ, આપણા આ ધ્યેયને હંમેશા પોતાની સામે રાખવા જોઈએ કે આ જલસામાં સામેલ થવાનો મુખ્ય હેતુ શું છે.

અત્રે હું હઝરત મસીહ મૌઉદ અ.સ.ની અમુક વાતો રજુ કરીશ. આ વાતને વર્ણન કરતાં કે માન્યતાનો પ્રભાવ કાર્યો પર પણ પડે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ઈસ્લામના બે ભાગ છે એક તો આ કે અલ્લાહ સાથે કોઈને સામેલ ન કરવામાં આવે અને તેના ઉપકારોના બદલામાં તેનું સંપુર્ણ અનુસરણ કરવામાં આવે. બીજો ભાગ આ છે કે મખ્લૂકના અધિકારોને ઓળખો અને તેને સંપૂર્ણ રીતે અદા કરો.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે જે મનુષ્ય સાચી અને ભૂલ વિનાની માન્યતા અપનાવે છે અને અલ્લાહ સાથે કોઈને સામેલ નથી કરતો તો તેના કાર્યો સ્વયં જ સારા થઈ જાય છે. અને આ જ કારણ છે કે જ્યારે મુસ્લિમોએ સાચી આસ્થા છોડી દીધી તો અંતે દજ્જાલ વગેરેને ખુદા માનવા લાગી ગયા.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અત્યારે આપણે દુનિયામાં જોઈએ છીએ કે મોટા મોટા દેશ પણ દુન્યવી શકિતઓને ખુદા માનવા લાગી ગયા છે, તેની ગોદમાં બેસવાનું શરૂ કરી દીધું છે તથા આ બાબતો આજકાલ આપણને પ્રત્યેક સ્થળે જોવા મળે છે. આમ લોકોથી લઈને સરકાર સુધીની આ જ સ્થિતિ છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ખુદાએ મને વારંવાર કહ્યું છે કે અલ ખૈરુ કુલ્લહૂ ફિલ કુરઆન. તેનો ઉપદેશ છે કે ખુદા એક જ છે તેનો કોઈ ભાગીદાર નથી, જે કુરઆને કહ્યું તે પૂર્ણ સત્ય છે. તમામ પ્રકારની ભલાઈઓ કુરઆનમાં શોધો અને અલ્લાહ તઆલાની ઈબાદત કરો, તેનો હક અદા કરો અને તેના બંદાના જે હક છે તે પણ અદા કરો.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે આ બાબતની સ્થાપનાનો મુખ્ય હેતુ જ આ હતો કે ખુદા તઆલાનો પરિચય પ્રાપ્ત થાય તથા દુઆ અને ઈબાદતની વાસ્તવિકતાનું જ્ઞાન પ્રાપ્ત થાય. આપ ફરમાવે છે કે જેવું પહેલા મનુષ્ય જે ફકત દુઆ કરે છે અને પ્રયાસ નથી કરતો, તે દોષી છે. તેવી જ રીતે આ બીજો જે યુકિત અને પ્રયાસને પર્યાપ્ત સમજે છે તથા નાસ્તિક છે. પરંતુ યુકિત તથા દુઆ બંનેને પરસ્પર ભેળવી દેવું ઈસ્લામ છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ગુનાહથી બચવા માટે એટલો પ્રયાસ કરો જે પ્રયાસ કરવાનો હક છે તથા એટલી દુઆ કરો જે દુઆનો હક છે આ કારણે જ પવિત્ર કુરઆનની પ્રથમ સૂરહ ફાતેહામાં આ બંને વાતોને સામે રાખી ફરમાવ્યું કે જ્યારે મામિન ઈય્યાકા નઅબુદુ કહે છે કે અમો તારી ઈબાદત કરીએ છીએ તો તરત જ તેના મનમાં વિચાર આવે છે કે હું શું વસ્તું છું જે ખુદાની ઈબાદત કરૂ જ્યાં સુધી તેનો ફઝલ અને કરમ ન હોય. તેથી તે કહે છે કે ઈય્યાકા નસ્તઈન, સહાયતા પણ તારાથી જ ઈચ્છીએ છીએ. આ એક કોમળ સમસ્યા છે જેને ઈસ્લામ સિવાય કોઈ અન્ય ધર્મે નથી

સમજ્યો. પણ આ યુગમાં હું જોઉ છું કે લોકોની હાલત થઈ ગઈ છે કે તેઓ યુકિત તો કરે છે પરંતુ દુઆમાં ગફલત કરે છે બલ્કે સાધનોની પૂજા એટલી વધી ગઈ છે કે દુન્યવી યુકિતઓને જ ખુદા બનાવી લીધો છે અને દુઆ પર મજાક કરવામાં આવે છે તથા તેને એક વ્યર્થ વસ્તું સમજવામાં આવે છે. આ બધો પ્રભાવ યૂરોપના અનુસરણના કારણે થયો છે. આ ભયાનક ઝેર છે જે દુનિયામાં ફેલાય રહ્યો છે પરંતુ ખુદા ચાહે છે કે આ ઝેરને દુર કરે. જેથી આ સિલસિલો એટલા માટે જ સ્થાપિત કર્યો છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે તમામ લોકો યાદ રાખો કે ઔપચારિક રૂપથી બૈઅતમાં દાખલ થવું અથવા મને ઈમામ સમજી લેવું ફકત આટલી વાત જ મુકિત માટે પર્યાપ્ત નથી કેમકે અલ્લાહ તઆલા દિલોને જુએ છે તે ફકત જુબાની વાતો નથી જોતો. ફરમાવ્યું મુકિત માટે જેવું કે અલ્લાહ તઆલએ વારંવાર ફરમાવ્યું છે કે તે જ જરૂરી છે અને તે આ છે કે પ્રથમ સાચા દિલથી અલ્લાહ તઆલાને એક માને તથા આંહઝરત સ.અ.વ.ને સાચો નબી માને તથા પવિત્ર કુરઆનને અલ્લાહનું પુસ્તક માને કે તે એવું પુસ્તક છે કે કયામત સુધી હવે કોઈ અન્ય પુસ્તક અથવા શરીઅત ન આવશે.

અનેક લોકો છે જે આ આપત્તિ દર્શાવે છે કે આ સિલસિલાની શું જરૂર છે, નવો સિલસિલો જારી કરી દીધો હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તેની શું જરૂર છે? ફરમાવે છે કે કેમકે ઈમાનની હાલત દુર્બળ થતા થતા આ દશા થઈ ગઈ કે ઈમાનની શકિત પૂર્ણ પ્રભાવ રહિત થઈ ગઈ અને અલ્લાહ તઆલા ચાહે છે કે વાસ્તવિક ઈમાનની રૂહ ફુંકે જે આ સિલસિલા દ્વારા તેણે ઈચ્છયું છે, એવી દશામાં તેમની આપત્તિ વ્યર્થ અને નિરર્થક છે. જેથી યાદ રાખો કે એવો સંદેહ કદાપી કોઈના દિલમાં ન આવવું જોઈએ અને જો પુરા ચિંતન અને ધ્યાનથી કામ લેવામાં આવે તો આ સંદેહ આવી જ ન શકે. અમે વાસ્તવિક શાંતિ સ્થાપવા માંગીએ છીએ જે મનુષ્યને પાપથી બચાવી લે છે અને આ રીતિ રિવાજોનું અનુસરણ કરનાર લોકોમાં આ વાતો નથી, તેમની દ્રષ્ટિ ફકત દેખાવ કરવા માટે છે, વાસ્તવિકતા પર નજર નથી, તેમના હાથમાં છોડયું છે મગ્ઝ નથી.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જ્યારે તમારી નિયુકિતનો લક્ષ્ય અલ્લાહ તઆલાથી વાસ્તવિક સંબંધ સ્થાપ્તિ કરવાનો છે, આંહઝરત સ.અ.વ.ની ઓળખ કરાવાનો છે, પવિત્ર કુરઆનની પ્રધાનતા પોતાની ઉપર લાગું કરવાનો છે તો અમે જે આપના માનનાર છીએ આપણે પોતાની આસ્થાઓ તથા કર્મોનો સુધાર તેના અનુસાર કરવો જોઈએ. પછી આપણે આ જોવું પડશે કે શું આપણી બૈઅત આ વાસ્તવિક રૂપ લીધેલ છે અથવા ફકત જુબાની જ વાતો છે. શું આપણી ઈબાદતો અલ્લાહ તઆલાને એક સમજતાં તેમના માટે છે અથવા નથી? ઘણા તો અહેમદિયોમાંથી પણ છે જેઓ પાંચ સમયની નમાઝો પણ અદા નથી કરતાં તથા મારાથી જ્યારે મળે છે તો કહી દે છે કે દુઆ કરો અમે અદા કરી શકીએ. જયારે કે આ તો એક આધાર છે જે પ્રત્યેક અહેમદીનો ફર્ઝ છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં આવ્યા પછી તો દિલની રૂચિથી નમાઝો અદા થવી જોઈએ, ન એ કે નમાઝો જ પુરી ન પઢે અને આગળથી કહી દીધું કે દુઆ કરો કે અમે નમાઝ પઢી લઈએ. જ્યારે સ્વયં અનુભવ કરે છે કે અમે નમાઝો નથી પઢતા તો પછી કોઈ યુકિત પણ કરવી પડશે. સ્વયં પ્રયાસ કરવો પડશે. સ્વયં પ્રયાસ અને દુઆ કેમ નથી કરતાં ઈય્યાકા નઅબુદુ વ ઈય્યાકા નસ્તઈન જ્યારે કહે છે તો ફકત મોંથી કહેવાને બદલે શબ્દોને દિલની ગહેરાઈથી દોહરાવતા તેના અનુસાર કેમ નથી કરતાં. આંહઝરત સ.અ.વ.ને સાચા નબી માન્યા છે તો પછી તમારો પ્રત્યેક કર્મ આપણા માટે સુંદર નમૂનો છે. ઈબાદતોની સાથે સાથે આપનો ઉત્તમ આચરણ આપણા માટે નમૂનો છે. સામજિક સંબંધ છે, ઘરેલું સંબંધ છે, પત્નીઓ સાથે ઉત્તમ વ્યવહારનો નમૂનો આપે પેશ કર્યો આપણા માટે પરંતુ અમુક એવા છે જે ઘરોમાં ફિત્ના ઊભા કરે છે, તેમના મનની ભાવનાઓનું ધ્યાન રાખવું આપે આપણને શીખવાડયું, બાળકોથી સ્નેહ પૂર્વક પેશ આવવું આંહઝરત સ.અ.વ.એ આપણને શીખવાડયું. અન્ય લોકોની સામાન્ય ભાવનાનું ધ્યાન

રાખવું આંહઝરત સ.અ.વ.એ આપણને શીખવાડયું, લડાઈ ઝઘડાથી બચવું, આપે તેનો આગ્રહ પણ કર્યો તથા આપણને શીખવાડયું અને પોતાના વ્યવહારથી આપણને શીખવાડયું. જેવી પણ સ્થિતિ હોય વિનયતા અને વિનમ્રતા દેખાડવી, સચ્ચાઈના ઉત્તમ નમૂના કાયમ કરવા તથા કયો એવું આચરણ છે જેનો ઉચ્ચ ધોરણ આપણને આપ સ.અ.વ.માં જોવા નથી મળતો. જો આપણે ખરેખર આપ સ.અ.વ.ને સાચા નબી માનીએ છીએ અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ને આપની ગુલામીમાં મોકલેલ આ યુગનો ઈમામ માનીએ છીએ તો પછી પોતાના કર્મોને પણ, પોતાની ઈબાદતોના સ્તર પણ આપણે બુલંદ કરવા પડશે. પવિત્ર કુરઆનના આદેશો જોઈ, તેના નિર્દેશ તથા નિર્ષધ કાર્યોને જોઈ આપણે નિરીક્ષણ કરવું જોઈએ કે કઈ કઈ નેક વાતોને આપણે કરીએ છીએ અને કઈ કઈ નથી કરતા, કઈ કઈ બૂરાઈઓને આપણે કરીએ છીએ અને કઈ નથી કરતા. હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સ્તર અને દાવાને ખરેખર આપણે ઓળખવાની જરૂર છે.

આ રીતે આ યુગ જે દુનિયાને અલ્લાહથી દુર લઈ જાય છે તથા ઉન્નતિના નામે પ્રતિદિવસ, પ્રત્યેક આવનાર દિવસ, દુર લઈ જવા માટે એક નવો પ્રયાસ કરતો જઈ રહ્યો છે એવા સમયમાં આ અહેમદીનો જ કામ છે કે પોતાના અલ્લાહ સાથે સંબંધ તથા અલ્લાહ તઆલાની મઅરિફત પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે તથા પ્રત્યેક આવનાર દિવસ આ મઅરિફતમાં પ્રગતિ કરનાર હોય. આંહઝરત સ.અ.વ.થી પ્રેમ માત્ર જુબાની જ ન હોય તેનો માત્ર નારો જ ન લાગે બલ્કે આ પ્રેમની અભિવ્યકિત આપના સુંદર આચરણને અપનાવી થવો જોઈએ. આ ન કે નારા તો તેમના નામના લગાવી લે તથા અત્યાચાર પર તેના નામે થઈ રહ્યો હોય, આજ કાલના મુસ્લિમોની આ જ દશા છે તેમના સંગઠનો બનેલ છે, સરકારો પણ તથા સંગઠનો પણ ઈસ્લામ અને આંહઝરત સ.અ.વ.ના નામે અત્યાચાર કરી રહ્યા છે. તે રહેમતુલલિલ આલમીન જે સમગ્ર યુગ માટે રહેમત બની આવ્યા હતા, તેમને તેમણે અત્યાચારનો નિશાન પોતાના અમલોથી બનાવી નાખ્યા. પરંતુ તેમના પ્રયાસ સફળ ન થશે. કારણકે આ યુગમાં હઝરત મસીહ અ.સ. આવ્યા છે અને અમે પ્રયાસ કરતાં જઈ રહ્યા છીએ કે ઈસ્લામનું વાસ્તવિક ચિત્ર વિશ્વ સામે રજુ કરીએ.

આથી અમોને આ વાસ્તવિક ચિત્ર પેશ કરવા માટે આપના પ્રત્યેક આચરણ અપનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પવિત્ર કુરઆનની પ્રધાનતા પોતાના ઉપર લાગુ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા દરેક સમયે આ પ્રયાસમાં રહેવું જોઈએ કે આપણો પ્રત્યેક કાર્ય નેક કર્મનો પ્રતિક હોય. આપણે આ પ્રયાસ કરવો જોઈએ કે આપણે પ્રત્યેક ક્ષણ પ્રયાસમાં રહીએ કે આપણે શૈતાનથી દુર થવું છે અને રહેમાનની નજીક થવું છે. નહીતર જેવું કે આપ અ.સ.એ ફરમાવ્યું કે અન્ય લોકો પણ નમાઝો પઢે છે પરંતુ તેમની અધિકતર નમાઝો ધરતી પર જ રહી જાય છે તે આસ્માન પર નથી જતી. અર્શના ખુદાને એવી નમાઝથી કોઈ મતલબ નથી કેમકે તેમાં શ્રદ્ધા નથી.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે નમાઝ તે સમયે વાસ્તવિક નમાઝ કહેવાય જ્યારે અલ્લાહ તઆલાથી સાચો અને પવિત્ર પ્રેમ હોય તથા અલ્લાહ તઆલાની પ્રસન્નતા અને આજ્ઞાપાલનમાં એટલો લીન હોય કે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપે. અને ખુદા તઆલાના માર્ગમાં જીવ પણ આપી દે અને મરવા માટે તૈયાર થઈ જાય. જ્યારે આ સ્થિતિ મનુષ્યમાં પેદા થઈ જાય તે સમયે કહી શકાય કે તેની નમાઝ નમાઝ છે પરંતુ જ્યાં સુધી આ અવસ્થા મનુષ્યની અંદર પૈદા નથી થતી તથા સાચી શ્રદ્ધા અને વફાદારીનો નમૂનો નથી દેખાડતો તે સમય સુધી તેની નમાઝો તથા અન્ય કર્મ પ્રભાવ રહિત છે.

પછી આ બયાન ફરમાવે છે કે વાસ્તવિક નેકી શું છે આપ ફરમાવે છે કે તકવાનો અર્થ છે બૂરાઈના સૂક્ષ્મ માર્ગથી પણ બચવું પરંતુ યાદ રાખો કે નેકી એટલી જ નથી કે એક વ્યકિત કહી દે કે હું નેક છું એટલા માટે કે મેં કોઈનો માલ નથી દબાવ્યો, ચોરી નથી કરી, બૂરી નજરથી નથી જોયું અને વ્યભિચાર નથી કરતો. ફરમાવે છે કે એવી નેકી આરિફની નજરમાં

હંસીને યોગ્ય છે. કેમકે જો તે આ બૂરાઈઓને કરે તથા ચોરી કરે તો તે સજાને પાત્ર છે. માટે આ કોઈ નેકી નથી જે આરિફની નજરમાં મૂલ્યવાન હોય બલ્કે વાસ્તવિક નેકી તો આ છે કે માનવજાતિની સેવા કરે તથા અલ્લાહ તઆલાના ઉપદેશોનું પાલન કરે તથા તેના માર્ગમાં જીવ પણ આપવા માટે તૈયાર થઈ જાય. જેથી ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તેની સાથે છે જે નેકીઓ પણ કરે છે. આ સારી રીતે યાદ રાખો કે બૂરાઈથી બચવું કોઈ વિશેય વાત નથી જ્યાં સુધી તેની સાથે નેકીઓ ન હોય.

મોટી બૂરાઈઓમાંથી એક બૂરાઈ અને ગુનો જૂઠ બોલવું છે તેનાથી બચવા બાબતે એક અવસરે હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે મેં વિચાર કર્યો કે પવિત્ર કુરઆનમાં હઝારો આદેશ છે જેની પાબંદી નથી કરવામાં આવતી. નાનામાં નાની બાબતમાં અવહેલના કરવામાં આવે છે અને જોવા મળે છે કે કેટલાક જૂઠ તો દુકાનદાર બોલે છે તથા પંસારી જૂઠ બોલે છે જ્યારે કે અલ્લાહ તઆલાએ તેને ગંદકી સાથે મુકયો છે પરંતુ ઘણા લોકો રંગીન બનાવી હાલતો બયાન કરવાથી નથી રોકાતા તથા તેને કોઈ પાપ નથી સમજતા, હંસી મજાકમાં પણ જુઠ બોલે છે. મનુષ્ય ત્યાં સુધી સત્યવાદિ કહેવાય જ્યાંસુધી તે જૂઠના તમામ સ્ત્રોતથી ન બચે.

પોતાના ભાઈના દોષ જોઈ કેવો વ્યવહાર કરવો જોઈએ તેને સ્પષ્ટ કરતાં ફરમાવે છે કે મને મારી જમાઅતનાનો આ ખુબ દુઃખ છે કે હજુ સુધી આ લોકો પરસ્પર નાની નાની વાતોમાં ચિડાઈ જાય છે. સાધારણ સભામાં કોઈને મૂર્ખ્અ કહી દેવું પણ મોટી ભૂલ છે. જો કોઈ ભાઈની ભૂલ જૂઓ તો તેના માટે દુઆ કરો કે અલ્લાહ તેને બચાવી લે. આ ન હોવું જોઈએ કે લોકોમાં જાહેર કરતાં ફરો. જયારે કોઈની સંતાન બદચલન હોય તો તેને તરત જ કોઈ દુર નથી કરતો બલ્કે એક ખુણામાં તેને સમજાવે છે કે આ ખરાબ કામ છે તેને છોડી દે. આથી જેવા સ્નેહ વિનમ્રતા અને યુકિતથી પોતાની સંતાન સાથે મામલો કરો છો તેવી જ રીતે પરસ્પર ભાઈઓમાં પણ કરો. જેનું આચરણ ખરાબ છે મને તેના ઈમાન વિશે ચિંતા છે કેમકે તેનામાં અહંકારનું એક મૂળ છે. જો ખુદા પ્રસન્ન ન થાય તો માનો કે આ નષ્ટ થઈ ગયો.

તૌબા કરતા રહો અને દુઆથી કામ લો. ફરમાવે છે કે આપણા વિજયનો હથિયાર ઈસ્તિગફાર તૌબા દીનની વિદ્યાનું જ્ઞાન ખુદા તઆલાની મહાનતાને સામે રાખવું અને ગફલત ન કરવી અને પ્રત્યેક બૂરાઈથી ચાહે તે અલ્લાહના હકમાં હોય કે બંદાના હક વિશે હોય. બચો.

અલ્લાહ તઆલા આપણને તૌફીક આપે કે આપણે આ સ્તરોને પ્રાપ્ત કરનાર બનીએ અને આપની બૈઅતમાં આવી આપની નિયુકિતના હેતુને સમજનાર તથા તેને પુરા કરવા માટે પોતાની તમામ પ્રતિભાઓ અને ક્ષમતાઓને ઉપયોગમાં લાવનાર બનીએ તથા વિશ્વને પણ આ વાસ્તવિકતાથી અવગત કરાવનાર થઈએ.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 25Aug. 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To......................................................................................................<br>......................................................................................................<br>......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |